# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 16/09/2026** **EVENING: 7.50 TO 8.00**

**DAY: WEDNESDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

1) કેન્દ્રીય મંત્રીમંડળે EPFO હેઠળ ફરજિયાત કવરેજ માટે વેતન મર્યાદા વધારીને 25 હજાર રૂપિયા કરી

2) કેન્દ્ર સરકારે UAPA હેઠળ શહઝાદ ભટ્ટી જૂથને આતંકવાદી સંગઠન જાહેર કર્યું

3) ભારતે સાઉદી અરેબિયામાં મક્કા નજીક થયેલા ડ્રોન હુમલા પર ચિંતા વ્યક્ત કરી

4) છત્તીસગઢના જગદલપુરમાં વિશેષ NIA અદાલતે ઝીરામ વેલી કેસમાં તમામ 10 દોષિતોને મૃત્યુદંડની સજા ફરમાવી

5) પીઢ અભિનેતા અનંત નાગને પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર 2024 એનાયત કરાશે

*************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET - EPFO

કેન્દ્રીય મંત્રીમંડળે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન -EPFO હેઠળ ફરજિયાત કવરેજ માટે વેતન મર્યાદા 15 હજાર રૂપિયાથી વધારીને 25 હજાર રૂપિયા પ્રતિ માસ કરી છે. આજે મંત્રીમંડળની બેઠક બાદ મીડિયાને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ નિર્ણયથી 51 લાખથી વધુ વધારાના કર્મચારીઓને ફરજિયાત EPFO કવરેજ હેઠળ આવરી લેવાની અપેક્ષા છે , જેનાથી કામદારો માટે સામાજિક સુરક્ષામાં નોંધપાત્ર વધારો થશે. તેનો વાર્ષિક સરકારી ખર્ચ આશરે 11 હજાર 339 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે.

## (BYTE: ASHWINI-VAISHNAV)

*"पुराना जो कैप था वो सितंबर 2014 में इस्टैब्लिश हुआ था। तब से अब तक एवरेज जो सैलरी है वो काफी बढ़ी है, कॉस्ट ऑफ लिविंग बढ़ी है। आज एक रेगुलर सैलरीड एम्प्लॉई की एवरेज इनकम करीब-करीब ₹23,000 पर मंथ है जो कि पहले से करीब ढाई गुना ज्यादा बढ़ी है। भारत सरकार का इस पर एस्टिमेटेड गवर्नमेंट एक्सपेंडिचर रहेगा अबाउट ₹11,339 करोड़ एवरी ईयर।"*

મંત્રીએ જણાવ્યું હતું કે EPFO વેતન મર્યાદા 2004 થી 2014 સુધીના દાયકા દરમિયાન યથાવત રહી હતી , જે સપ્ટેમ્બર 2014 માં નોંધપાત્ર રીતે વધારીને 15 હજાર રૂપિયા કરવામાં આવી હતી.

# GOVT - RCMC EXEMPTION

કેન્દ્ર સરકારે ત્રણ લાખ રૂપિયા સુધીના નાના મૂલ્યની નિકાસ માટે નોંધણી-સહ-સભ્યપદ પ્રમાણપત્ર- RCMC અથવા નોંધણી પ્રમાણપત્રની જરૂરિયાતમાંથી મુક્તિ આપી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પગલાનો હેતુ નવા અને નાના નિકાસકારો માટે પાલનનો બોજ ઘટાડવા અને પોસ્ટલ , કુરિયર અને અન્ય ઉભરતા ચેનલો દ્વારા નિકાસને સરળ બનાવવાનો છે. મંત્રાલયે ઉમેર્યું હતું કે ત્રણ લાખ રૂપિયાથી વધુની નિકાસ માટે, જ્યાં પણ લાગુ પડે ત્યાં માન્ય RCMC અથવા નોંધણી પ્રમાણપત્રની જરૂર રહેશે.

# HOME - SHAHZAD NETWORK

કેન્દ્ર સરકારે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ- UAPA હેઠળ શહઝાદ ભટ્ટી જૂથને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. આ આતંકવાદી જૂથ યુવાનો અને નાના ગુનેગારોને આતંકવાદમાં ઉશ્કેરવા ઉપરાંત સરહદો પારથી હથિયારો, વિસ્ફોટકો અને માદક દ્રવ્યોની દાણચોરીમાં સામેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ સંદર્ભમાં જાહેરનામું બહાર પાડ્યું છે. જૂથ દ્વારા ભારતના લોકશાહી માળખા અને સાંપ્રદાયિક સૌહાર્દના તાંતણાને નિશાન બનાવતી દ્વેષપૂર્ણ ડિજિટલ સામગ્રી પણ પ્રકાશિત કરવામાં આવી છે.

# MEA - MAKKAH DRONE ATTACK

સાઉદી અરેબિયામાં મક્કા નજીક થયેલા ડ્રોન હુમલા પર ભારતે ચિંતા વ્યક્ત કરી છે. ડ્રોન હુમલા અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં , વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત સાઉદી અરેબિયાના સાર્વભૌમ પ્રદેશ પરના હુમલાઓ અને નાગરિકોના જીવન અને માળખાગત સુવિધાઓને જોખમમાં મૂકતી ક્રિયાઓની ટીકા કરે છે. તેમણે ઉમેર્યું હતું કે મક્કા નજીકની ઘટના ખાસ કરીને ચિંતાજનક છે, કારણ કે વિશ્વભરના મુસ્લિમો માટે આ શહેરનું વિશેષ મહત્વ છે. તેમણે ઉમેર્યું ભારત આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાની વહેલી પુનઃસ્થાપના માટે આશા વ્યક્ત કરે છે.

# INDIA - PAK NAVAL UNIT

વિદેશ મંત્રાલયે આજે નવી દિલ્હીમાં પાકિસ્તાનના હાઇ કમિશનના ચાર્જ ડી'અફેર્સને સમન્સ પાઠવી સમુદ્રમાં પાકિસ્તાની નૌકાદળ એકમોના અસ્વીકાર્ય વર્તન પર સખત વિરોધ નોંધાવ્યો. મંત્રાલયે જણાવ્યું કે આનાથી ભારતીય નૌકાદળની પાકિસ્તાની નૌકાદળ એકમ સાથે અથડામણ થઈ હતી.

એક નિવેદનમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય જળ વિસ્તારમાં બનેલી આ ઘટનાથી કોઈ મોટું નુકસાન થયું નથી.

# JAISHANKAR - BHUTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે થિમ્પુમાં તેમના ભૂટાનના સમકક્ષ લિયોનપો ડી.એન. ધુંગેલ સાથે મુલાકાત કરી અને સંયુક્ત રીતે વ્યાપક સહયોગની સમીક્ષા કરી. સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી જયશંકરે જણાવ્યું હતું કે તેમની વાતચીત વિકાસ ભાગીદારી , ઊર્જા, વેપાર, જોડાણ, સંસ્કૃતિ અને લોકોથી લોકો વચ્ચેના સંબંધોમાં ભારત-ભુટાન બહુપક્ષીય જોડાણને આગળ વધારવા પર કેન્દ્રિત હતી.

# NEW ZEALAND- INDIA FTA

ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને આજે ભારત સાથેના મુક્ત વેપાર કરારને એક સીમાચિહ્નરૂપ કરાર ગણાવ્યો છે જે 1.4 અબજ ભારતીય ગ્રાહકો માટે ન્યૂઝીલેન્ડમાં નોકરી અને આવક વધારવામાં મદદ કરશે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી લક્સને જણાવ્યું હતું કે , આ કરારે તેમની રાષ્ટ્રીય પાર્ટી દ્વારા સરકારના પ્રથમ કાર્યકાળ દરમિયાન ભારત સાથે મુક્ત વેપાર કરાર સુરક્ષિત કરવા માટે કરાયેલી પ્રતિબદ્ધતાને પૂર્ણ કરી છે.

આ કરાર અમલમાં આવ્યા પછી , ભારતમાં ન્યુઝીલેન્ડની 57 ટકા નિકાસ કરમુક્ત થઈ જશે. એકવાર સંપૂર્ણ રીતે અમલમાં આવ્યા બાદ , 95 ટકા નિકાસ પર ટેરિફ દૂર કરાશે અથવા નોંધપાત્ર રીતે ઘટાડાશે. તમામ ભારતીય ચીજવસ્તુને ન્યુઝીલેન્ડના બજારમાં કરમુક્ત ઍક્સેસ મળશે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# SITHARAMAN-TAX POLICY

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે કર સંબંધિત દરખાસ્તોમાં દેશ હિતને પ્રથમ રાખવું જોઈએ. તેમણે કહ્યું , દરમાં ઘટાડો , મુક્તિ અથવા છૂટછાટો મેળવવાની માગ પહેલા રાષ્ટ્રપ્રથમ પર ધ્યાન આપવું જોઈએ.

તેઓ આજે બેંગલુરુમાં આંતરરાષ્ટ્રીય કર સંશોધન અને વિશ્લેષણ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ન્યૂ એજ ટેક્સેશનના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરી રહ્યા હતા. મંત્રીએ શિક્ષણવિદો, સંશોધકો અને થિંક ટેન્કને સ્વતંત્ર કર નીતિ સંશોધનને જાહેર ચર્ચાનો નિયમિત ભાગ બનાવવા હાકલ કરી. જેથી તેમાં સુધારો કરી શકાય.

# PATIL - SSA

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન સ્વચ્છ સેવા આંકલન- SSA શરૂ કર્યું. જળશક્તિ મંત્રાલયે જણાવ્યું હતું કે SSA એ ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા સેવા વિતરણના મૂલ્યાંકન અને દેખરેખ માટે વિકસાવવામાં આવેલ વાર્ષિક , ગ્રામ પંચાયત સ્તરનું ડિજિટલ સ્વ-મૂલ્યાંકન માળખું છે.

તે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ના બીજા તબક્કા હેઠળ પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ દ્વારા વિકસાવાયું છે. મંત્રાલયે ઉમેર્યું હતું કે બહુ-સ્તરીય મૂલ્યાંકન માળખામાં ગ્રામ પંચાયતો, ગ્રામ સભાઓ તથા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરના અધિકારીઓનો સમાવેશ થાય છે.

# BHUPENDER - OZONE DAY

કેન્દ્રીય પર્યાવરણ , વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે નાગરિકોને વિજ્ઞાન આધારિત ઉપાયો , ટકાઉ ઠંડક અને પર્યાવરણને જવાબદાર ટેક્નોલોજી પ્રત્યે પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવા વિનંતી કરી છે. આજે વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે, શ્રી યાદવે કહ્યું કે ઓઝોન સ્તર પૃથ્વીનું રક્ષણાત્મક કવચ છે અને તેનું રક્ષણ કરવું એ સહિયારી જવાબદારી છે. મંત્રીએ કહ્યું કે , મોન્ટ્રીયલ પ્રોટોકોલ અને કિગાલી સુધારાની સફળતા યાદ અપાવે છે કે સામૂહિક પગલાં પૃથ્વીનું રક્ષણ કરી શકે છે અને આવનારી પેઢીઓ માટે ઠંડુ, સ્વસ્થ ભવિષ્ય સુરક્ષિત કરી શકે છે.

# C'GARH-NIACOURT

છત્તીસગઢના જગદલપુરમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી , NIA ની વિશેષ અદાલતે આજે ઝીરામ વેલી કેસમાં તમામ દસ દોષિતોને મૃત્યુદંડની સજા ફરમાવી છે. વિશેષ ન્યાયાધીશ અજય સિંહ રાજપૂતે આ ચુકાદો સંભળાવ્યો છે. દોષિતોને ચુકાદા સામે વડી અદાલતમાં અપીલ કરવા માટે ત્રીસ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે 25 મે , 2013 ના રોજ, છત્તીસગઢના બસ્તર જિલ્લાના દરભા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ઝીરામ ખીણમાં માઓવાદી હુમલામાં કોંગ્રેસના અનેક વરિષ્ઠ નેતાઓ સહિત 27 લોકો માર્યા ગયા હતા. આ હુમલામાં 35 લોકો ઘાયલ થયા હતા.

# ANANT NAG- PHALKE AWARD

ભારતીય સિનેમામાં તેમના યોગદાન અને પેઢીઓને પ્રેરણા આપતી શાનદાર સિનેમા યાત્રા માટે પીઢ અભિનેતા અનંત નાગને પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર 2024 એનાયત કરાશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે આજે આ જાહેરાત કરી. આ પુરસ્કાર આ મહિનાની 22 તારીખે ગુજરાતના કેવડિયામાં 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં રજૂ કરવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિગ્ગજ અભિનેતા અનંત નાગને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર બદલ અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે શ્રી નાગના સરળ અભિનય , નોંધપાત્ર બહુમુખી પ્રતિભાએ ઘણા દાયકાઓથી ભારતીય સિનેમા પર ખૂબ જ મજબૂત છાપ છોડી છે.

# PM AWARDS E AUCTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળેલા સ્મૃતિચિહ્નો અને ભેટોની ઈ-હરાજી આવતીકાલથી શરૂ થશે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા , સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યું હતું કે આ વર્ષે લગભગ એક હજાર પાંચસો વસ્તુઓ હરાજી માટે રાખવામાં આવી છે જેમાં ચિત્રકામ , કાપડ, મૂર્તિઓ, પ્રાચીન વસ્તુઓ અને હસ્તકલા કલાકૃતિઓનો સમાવેશ થાય છે.

શ્રી શેખાવતે જણાવ્યું હતું કે ઈ-હરાજીના અગાઉની સાત આવૃત્તિઓમાં કુલ સાત હજાર 441 વસ્તુઓની હરાજી કરવામાં આવી હતી , જેનાથી 52 કરોડ રૂપિયા એકઠા થયા હતા.